દાખલ તારીખ:– ૧૭/૧૦/૧૯૮૯
રજી. તારીખ:– ૧૭/૧૦/૧૯૮૯
ફેસલ તારીખ:– ૨૨/૦૨/૨૦૧૮
સમય મર્યાદા:–
વર્ષ......માસ......દિવસો.......

## ધોરાજીના મહે. એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ધોરાજી

લેન્ડ રેફરન્સ કેસ નં.૪૭૧/૦૯ થી ૪૮૧/૦૯
લેન્ડ રેફરન્સ કેસ નં.૪૮૩/૦૯ થી ૫૧૮/૦૯, ૫૨૦/૦૯
(જુના લેન્ડ રેફરન્સ કેસ નં.૪૪૩/૮૯ થી ૪૯૦/૮૯)

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૪૭૧/૦૯ |
| અરજદાર :– | વિક્રમસિંહ જેહુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૭૨/૦૯ |
| અરજદાર :– | દક્ષુબા નવલસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૭૩/૦૯ |
| અરજદાર :– | (૧) વિક્રમસિંહ જેહુભા<br>(૨) તેજુબા જેહુભા<br>(૩) લાલબા જેહુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૭૪/૦૯ |
| અરજદાર :– | વિક્રમસિંહ ભાવસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૪૭૫/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર મુળુભા જટુભા<br>(૨) દરબાર લીલાબા લખુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૭૬/૦૯ |
| અરજદાર :– | (૧) વિક્રમસિંહ જેઠુભા<br>(૨) તેજુબા જેઠુભા<br>(૩) લાલબા જેઠુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૭૭/૦૯ |
| અરજદાર :– | ધીરૂભા જીવણસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૭૮/૦૯ |
| અરજદાર :– | મધુભા તખુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૭૯/૦૯ |
| અરજદાર :– | દરબાર જેઠુભા જેસંગજી<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૮૦/૦૯ |
| અરજદાર :– | પ્રધુમનસિંહ તખુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૪૮૧/૦૯ |
| અરજદાર :– | તખુભા દીપસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૮૩/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર મુળુભા લખુભા<br>(૨) દરબાર લીલાબા લખુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૮૪/૦૯ |
| અરજદાર :– | (૧) વિક્રમસિંહ જેઠુભા<br>(૨) તેજુબા જેઠુભા<br>(૩) લાલબા જેઠુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૮૫/૦૯ |
| અરજદાર :– | મયુરધ્વજસિંહ ગુમાનસિંહના વાલી<br>દરબાર હંસાબા નટુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૮૬/૦૯ |
| અરજદાર :– | દરબાર કલુભા જીજીભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૪૮૭/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર બળવંતસિંહ જીણકુભા<br>(૨) દરબાર બહાદુરસિંહ જીણકુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૮૮/૦૯ |
| અરજદાર :– | દરબાર ભીખુભા ધીરૂભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૮૯/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર બાલુભા ભુરૂભા<br>(૨) દરબાર જટુભા ભુરૂભા<br>(૩) દરબાર નરૂભા ભુરૂભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૦/૦૯ |
| અરજદાર :– | દરબાર ધીરૂબા જીવણસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૧/૦૯ |
| અરજદાર :– | પ્રભાતસંગ અમરસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૨/૦૯ |
| અરજદાર :– | પુરીબા નાથુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૪૯૩/૦૯ |
| અરજદાર :– | દરબાર પ્રભાતસંગ અમરસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૪/૦૯ |
| અરજદાર :– | દરબાર જોરૂભા પથુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૫/૦૯ |
| અરજદાર :– | દરબાર બાલુભા જીરૂભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૬/૦૯ |
| અરજદાર :– | દરબાર ભરતસિંહ જુવાનસિંહ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૭/૦૯ |
| અરજદાર :– | દરબાર મંગળુભા દેવુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૪૯૮/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર મઘુભા તખુભા<br>(૨) દરબાર પ્રદ્યુમનસિંહ તખુભા<br>(૩) દરબાર કુંવરસિંહ તખુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૪૯૯/૦૯ |
| અરજદાર :– | દરબાર મધુભા લખુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૦/૦૯ |
| અરજદાર :– | દરબાર વિક્રમસિંહ જેઠુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૧/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર હુલાસબા જોરૂભા<br>(૨) દરબાર લખુભા વજેસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૨/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર અનોપસિંહ કલ્યાણસંગ<br>(૨) દરબાર પ્રવિણાબા દાનુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૩/૦૯ |
| અરજદાર :– | દરબાર પ્રવિણાબા દાનભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૪/૦૯ |
| અરજદાર :– | દરબાર પ્રવિણબા દાનભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૫૦૫/૦૯ |
| અરજદાર :– | દરબાર તખુભા દિપસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૬/૦૯ |
| અરજદાર :– | દરબાર દિપસંગ જીવુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૭/૦૯ |
| અરજદાર :– | (૧) રઘુભા નવલસંગ<br>(૨) લાલુભા નવલસંગ<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૮/૦૯ |
| અરજદાર :– | દીપુભા જીવુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૦૯/૦૯ |
| અરજદાર :– | ગુમાનસિંહ નટુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૧૦/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર વિક્રમસિંહ જેઠુભા<br>(૨) દરબાર તેજુબા જેઠુભા<br>(૩) દરબાર લાલભા જેઠુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૫૧૧/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર વેરૂભા દાદભા<br>(૨) દરબાર ઘનુભા દાદભા<br>(૩) દરબાર રેવુભા દાદભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગઘેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૧૨/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર દિપસિંહ જહુભા<br>(૨) દરબાર લીલાબા લખુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગઘેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૧૩/૦૯ |
| અરજદાર :– | નાનભા નાથુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગઘેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૧૪/૦૯ |
| અરજદાર :– | દરબાર ગુમાનસિંહ નટુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગઘેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૧૫/૦૯ |
| અરજદાર :– | (૧) દરબાર વિક્રમસિંહ જેહુભા<br>(૨) દરબાર તેજુબા જેહુભા<br>(૩) દરબાર લાલબા જેહુભા<br>ધર્મે– હિન્દુ, ધંધો– ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગઘેથડ, તા:–ઉપલેટા, જિલ્લો:– રાજકોટ. |

| | |
|---|---|
| | એલ.એ.આર. નં.૫૧૬/૦૯ |
| અરજદાર :- | (૧) દરબાર વિક્રમસિંહ જેઠુભા<br>(૨) દરબાર તેજુબા જેઠુભા<br>(૩) દરબાર લાલબા જેઠુભા<br>ધર્મે- હિન્દુ, ધંધો- ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:-ઉપલેટા, જિલ્લો:- રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૧૭/૦૯ |
| અરજદાર :- | દરબાર રણજીતસિંહ પથુભા<br>ધર્મે- હિન્દુ, ધંધો- ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:-ઉપલેટા, જિલ્લો:- રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૧૮/૦૯ |
| અરજદાર :- | દરબાર કલુભા અમરસંગ<br>ધર્મે- હિન્દુ, ધંધો- ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:-ઉપલેટા, જિલ્લો:- રાજકોટ. |
| | એલ.એ.આર. નં.૫૨૦/૦૯ |
| અરજદાર :- | દરબાર જયેન્દ્રસિંહ પથુભા<br>ધર્મે- હિન્દુ, ધંધો- ખેતી, પુખ્ત ઉમરના,<br>રહે. ગધેથડ, તા:-ઉપલેટા, જિલ્લો:- રાજકોટ. |

**-::વિરૂઘ્ધ ::-**

| | |
|---|---|
| સામાવાળા | (૧) સ્ટેટ ઓફ ગુજરાત, થ્રુ એ.જી.પી.શ્રી,<br>(૨) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,<br>જિલ્લા સિંચાઈ, જુનાગઢ |

**બાબત:-લેન્ડ એકવીઝીશન એકટ, ૧૮૯૪ની કલમ-૧૮ અન્વયે રેફરન્સ**

**અરજદારો તરફે વિ.વકીલ શ્રી બી.જે.માકડીયા**

**સામાવાળા તરફે વિ.એ.જી.પી. શ્રી કે.એમ.પારેખ**

**:: જજમેન્ટ ::**

(૧) અરજદારોએ જમીન સંપાદન અધિકારીશ્રી દ્રારા લેન્ડ એકવીઝીશન કેસ નં. ૧/૮૨, ૪૦/૮૩, ૩૭/૮૩, ૩૮/૮૩ તથા ૭૯/૮૩ ના કામે તેઓની ગધેથડની એકવાયર થયેલ જમીનોના વળતરના જાહેર કરેલ એવોર્ડ થી નારાજ થઈ વળતરમાં વધારો મેળવવા માટે અરજી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીને કરતા તેઓ દવારા હાલના લેન્ડ રેફરન્સ કેસો જમીન સંપાદન ધારાની કલમ ૧૮ મુજબ રેફરન્સ કોર્ટમાં મોકલતા નામદાર આસીસ્ટન્ટ જજ સાહેબની કોર્ટમાં ગોંડલ દાખલ થયેલ તે બાદ અત્રે સીનીયર સીવીલ કોર્ટમાં ટ્રાન્સફર થઈ આવતા લેન્ડ રેફરન્સ કેસ નં: ૪૭૧/૦૯ થી ૪૮૧/૦૯ તથા ૪૮૩/૦૯ થી ૫૧૮/૦૯ તથા ૫૨૦/૦૯ સુધીના દાખલ થયેલ છે.

(૨) અરજદારોએ હાલના રેફરન્સ કેસના કારણોમાં જણાવેલ છે કે, અરજદારોની સંપાદિત થયેલ જમીન વેણુ સીંચાઈ યોજના કે જે ગુરાત સરકારશ્રી દ્રારા આયોજીત છે તે યોજના અંગે સરકારશ્રીએ જમીન સંપાદન કરવાનું નકકી કરતાં તે અંગે સંપાદિત થયેલ છે અને એવોર્ડ આપી જમીન સંપાદન કરવામાં આવેલ છે. જેમાં અપુરતું અને અન્યાયી વળતર ચુકવવામાં આવેલ છે. તેઓની જમીનનું વળતર એક આરેના રૂ.૧૨૦/– તથા ૭૦/– ચુકવવામાં આવેલ છે. જે રકમ ઘણી જ ઓછી છે. આ રકમ માત્ર નામની જ છે, એવોર્ડથી અરજદારોને ઘણું મોટું નુકશાન અને અન્યાય થયેલ છે જેથી જમીનનું વ્યાજબી વળતર મળવા અરજી કરેલ છે. વાદવાળી જમીન ગામતળથી અને હાઈવે રોડથી તદન નજીક અને લીલીનાઘેર વિસ્તારના નામે ઓળખાતી પાણીથી છલોછલ વિસ્તારમાં આવેલ ફળદ્રુપ ગાર્ડન લેન્ડ છે, જેની કિંમત દર વિઘાના રૂ.પચીસ હજાર એટલે કે એક આરેના રૂ.૧૫૬૨–૫૦ પૈસા જેટલી ઓછામાં ઓછી ગણાય છે તેવી જમીનની જુજ કીંમત આકારવાથી અરજદારોને ઘણું મોટું નુકશાન અને અન્યાય થયેલ

છે. બાંધકામની પણ ઓછી રકમ આકારેલ છે. સવલાવાળી જમીનને બારેતની જમીન ગણી કરવામાં આવેલ નિર્ણય અન્યાયી છે. અરજદારોએ જમીનમાં મોટી જહેમત ઉઠાવી જબરો એકસામટો ભારે પુષ્કળ ખર્ચ કરી આબાદ બનાવેલ છે જેને લક્ષમાં લેવામાં આવેલ નથી. આજુબાજુના ગામના વેચાણ વ્યવહારોને લક્ષમાં ન લઈ ભારે અન્યાય કરેલ છે. અરજદારોએ ભરણપોષણ માટે વાદવાળી જમીનમાં ખુબ મોટો ખર્ચ કરી, મહેનત કરી આબાદ બનાવેલ છે અને જમીનમાં વર્ષમાં બે વખત પાક લે છે અને ઉંભી જાતની જમીન છે. જમીનની કીંમત નકકી કરતી વખતે પુરાવા રજુ કરવાની તક નહી આપવામાં ગંભીર ભુલ અન્યાય કરેલ છે. વાદવાળી જમીન ઉંચા પ્રકારની પીત પ્રકારની જમીન હોવા છતાં હલકી ગણી લેવામાં ભુલ કરેલ છે. વાદવાળી જમીનની વેચાણ કીંમત નકકી કરતી વખતે જે દાખલાઓ એવોર્ડમાં ઘ્યાનમાં લેવામાં આવેલ છે તે અરજદારોના કિસ્સાને લાગુ પડતા નથી તેમજ જે વ્યવહારો બતાવવામાં આવેલ છે તે વ્યવહારોવાળી જમીન અરજદારોની જમીન કરતાં ઉતરતા પ્રકારની જમીન અને નબળી જમીન છે. ઘણાંખરા વેચાણ વ્યવહારોમાં પક્ષકારો ખર્ચ બચાવવા વેચાણ દસ્તાવેજોમાં ખરી કીંમત કરતાં ઓછી કિંમત બતાવતા હોય છે તે હકીકત ઘ્યાનમાં ન લઈને ગંભીર ભુલ કરવામાં આવેલ છે. જમીનની કિંમતની ન્યાયી આકારણી નહીં કરવામાં ઉઘાડી ભુલ થઈ છે. વદાવાળી જમીનમાં મગફળી,કપાસ,બાજરો,ઘઉ,શાકભાજી વિગેરે સારા બે પાક થાય છે તે પેદાશ લક્ષમાં ન લેવાની ભુલ થઈ છે. જમીનની કિંમતની આકારણી કરતી વખતે જમીનની વાર્ષિક ઉપજની ગણતરી કરવી જોઈએ તે કરેલ નથી જેથી અન્યાય થયેલ છે. પથ્થતરની વંડીના બાંધકામની નુકશાનીની રકમ ન ગણી ભારે અન્યાય કરેલ છે. કુવાનો ખર્ચ અને નુકશાની રૂ.૧ લાખ ન આકારી તથા ઈમલાની રકમ વળતર ન આકારી કાયદાની ગંભીર ભુલ કરેલ છે વિગેરે રજુઆત કરી અરજીઓમાં માંગ્યા મુજબનું વળતર અપાવવા તથા વ્યાજ અપાવવા તથા સોલેશ્યમ અપાવવા અરજદારોએ અરજ કરેલ છે.

(૩) હાલના ગ્રૂપ કેસોમાં સંપાદન થયેલ મોજે ગામ ગધેથડ, તાલુકો ઉપલેટા ની સદરહુ જમીનોનું વર્ણન નીચે મુજબ છે.

| એલ.એ.આર કેસ નંબર | સર્વે નંબર | સંપાદીત થયેલ જમીન |
|---|---|---|
| ૪૭૧/૦૯ | ૬ | હેક્ટર ૦–૮૧–૮૨ |
| ૪૭૨/૦૯ | ૮૩ | હેક્ટર ૦–૩૭–૯૮ |
| ૪૭૩/૦૯ | ૮૩ પૈકી | હેક્ટર ૦–૭૫–૫૬ |
| ૪૭૪/૦૯ | ૮૬ | હેક્ટર ૦–૪૧–૩૨ |
| ૪૭૫/૦૯ | ૮૭ પૈકી | હેક્ટર ૦–૨૮–૩૨ |
| ૪૭૬/૦૯ | ૮૮ | હેક્ટર ૦–૦૫–૬૧ |
| ૪૭૭/૦૯ | ૧૦૧ | હેક્ટર ૦–૪૨–૪૦ |
| ૪૭૮/૦૯ | ૯૭ | હેક્ટર ૦–૨૧–૦૯ |
| ૪૭૯/૦૯ | ૯૮ પૈકી | હેક્ટર ૦–૮૧–૩૫ |
| ૪૮૦/૦૯ | ૯૫ | હેક્ટર ૦–૫૩–૨૦ |
| ૪૮૧/૦૯ | ૯૬ | હેક્ટર ૦–૨૪–૨૦ |
| ૪૮૩/૦૯ | ૮૭ | હેક્ટર ૦–૦૭–૦૭ |
| ૪૮૪/૦૯ | ૮૮ | હેક્ટર ૦–૨૨–૨૬ |
| ૪૮૫/૦૯ | ૮૯ | હેક્ટર ૦–૨૯–૩૪ |
| ૪૮૬/૦૯ | ૯૦ | હેક્ટર ૦–૨૧–૨૫ |
| ૪૮૭/૦૯ | ૯૭ પૈકી | હેક્ટર ૦–૪૨–૦૪ |
| ૪૮૮/૦૯ | ૮૦ પૈકી | હેક્ટર ૦–૩૧–૩૬ |
| ૪૮૯/૦૯ | ૮૦ પૈકી | હેક્ટર ૦–૨૧–૨૫ |
| ૪૯૦/૦૯ | ૮૧ | હેક્ટર ૦–૬૯–૮૧ |
| ૪૯૧/૦૯ | ૭૧ | હેક્ટર ૦–૨૪–૨૮ |
| ૪૯૨/૦૯ | ૭૯ | હેક્ટર ૦–૦૪–૦૫ |

| | | |
|---|---|---|
| ૪૯૩/૦૯ | ૭૩ | હેકટર ૦–૧૨–૧૪ |
| ૪૯૪/૦૯ | ૫૩ | હેકટર ૦–૩૯–૪૬ |
| ૪૯૫/૦૯ | ૭૮ | હેકટર ૦–૩૪–૪૦ |
| ૪૯૬/૦૯ | ૯૧ | હેકટર ૦–૨૭–૩૨ |
| ૪૯૭/૦૯ | ૧૦૨ | હેકટર ૦–૧૨–૨૫ |
| ૪૯૮/૦૯ | ૧૦૩ | હેકટર ૦–૨૨–૦૦ |
| ૪૯૯/૦૯ | ૯૭ | હેકટર ૦–૦૬–૭૬ |
| ૫૦૦/૦૯ | ૧૦૬ | હેકટર ૦–૫૭–૦૦ |
| ૫૦૧/૦૯ | ૧૧૦ | હેકટર ૦–૨૫–૦૦ |
| ૫૦૨/૦૯ | ૧૧૨ | હેકટર ૦–૧૭–૨૫ |
| ૫૦૩/૦૯ | ૧૧૩ | હેકટર ૦–૧૧–૦૦ |
| ૫૦૪/૦૯ | ૧૧૬ | હેકટર ૦–૦૫–૪૦ |
| ૫૦૫/૦૯ | ૯૬ | હેકટર ૦–૦૪–૨૫ |
| ૫૦૬/૦૯ | ૧૦૫ | હેકટર ૦–૦૫–૦૦ |
| ૫૦૭/૦૯ | ૧૦૪ | હેકટર ૦–૨૬–૫૦ |
| ૫૦૮/૦૯ | ૧૩૦ | હેકટર ૦–૦૧–૧૦ |
| ૫૦૯/૦૯ | ૧૩૧ | હેકટર ૦–૩૯–૪૦ |
| ૫૧૦/૦૯ | ૧૩૨ | હેકટર ૦–૧૫–૦૦ |
| ૫૧૧/૦૯ | ૧૩૩ | હેકટર ૦–૦૬–૦૦ |
| ૫૧૨/૦૯ | ૧૩૪ | હેકટર ૦–૭૦–૦૦ |
| ૫૧૩/૦૯ | ૧૪૮ | હેકટર ૦–૨૨–૬૦ |
| ૫૧૪/૦૯ | ૧૩૫ | હેકટર ૦–૦૬–૫૦ |
| ૫૧૫/૦૯ | ૧૩૬ | હેકટર ૦–૧૬–૦૦ |
| ૫૧૬/૦૯ | ૧૩૮ | હેકટર ૦–૨૪–૦૦ |
| ૫૧૭/૦૯ | ૧૪૦ | હેકટર ૦–૧૮–૭૦ |

| | | |
|---|---|---|
| ૫૧૮/૦૯ | ૧૪૦ | હેકટર ૦–૧૫–૦૦ |
| ૫૨૦/૦૯ | ૫૩ પૈકી | હેકટર ૦–૧૭–૨૦ |

(૪) અરજદારોની અરજી અંગે સામાવાળાઓ તરફે વિ.એ.જી.પી.શ્રી તરફથી આંક–૪ થી વાંધાજવાબ રજુ થયેલ છે જેમાં જણાવવામાં આવેલ છે કે અરજી બોનાફાઈડ કે યોગ્ય અને લીગલ નથી જેથી રદ થવા પાત્ર છે.અરજી સમયમર્યાદામાં દાખલ થયેલ નથી. અરજદારોને જે વળતર આપવામાં આવેલ છે તે ઓછુ કે અપૂરતું નથી. સંપાદન અધિકારીની યોગ્ય રીતે જમીનને વર્ગીકૃત કરી આપેલ વળતર યોગ્ય અને પૂરતું આપેલ છે અને અરજદાર દવારા ઉઠાવવામાં આવેલ તમામ મુદાઓ ધ્યાને લઈ અને સ્થળ નિરિક્ષણ કરી વળતર આપેલ છે. સરખામણીપાત્ર બજાર ભાવ વેરીફાઈ કરેલ છે અને તે બાદ વળતરની રકમ સામાવાળાએ નકકી કરેલ છે. અરજદારોએ જણાવ્યા મુજબ કોઈ પાકનું વાવેતર કરવામાં આવતો હોવાનું કે જમીનની ગુણવતા દર્શાવ્યા મુજબનુ ખરુ નથી વિગેરે રજુઆત કરી અરજી ખાસ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૫) હાલના ગૃપ લેન્ડ રેફરન્સ કેસો એક જ ગામની જમીન યોજના હેઠળ સંપાદન થયેલ જમીનના એવોર્ડ અંગેના હોય અને દરેક કેસમાં એકસરખો જ પુરાવો થાય તેમ હોય દરેક કેસોમાં અરજદારોના વિ.વકીલશ્રીએ કેસોને કોન્સોલીડેટ કરવા અરજી કરેલ છે અને તે અરજી હેઠળ થયેલ હુકમ મુજબ લેન્ડ રેફરન્સ કેસ નં: ૪૭૧/૦૯ ને મુખ્ય કેસ ગણી તમામ કેસોનો પુરાવો તેમાં નોધવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) આ ગૃપ કેસોમા અરજદારો તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખીક પુરાવો :–</u>**

| | |
|---|---|
| આંક–૧૦ | અરજદાર દક્ષુબા નવલસંગની સોગંદ ઉપરની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| આંક | દસ્તાવેજોની વિગત |
|---|---|
| ૧૭ | શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જુનાગઢનું પાકના ભાવનું પત્રક |
| ૧૮ | શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોંડલનું પાકના ભાવનું પત્રક |

(૭) આ કામે અરજદાર પક્ષે આંક–૧૯ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. સામાવાળા તર્ફે કોઈ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી અને પુરાવા હકક બંઘ થયેલ છે.

(૮) આ કામે અરજદારો પક્ષે વિ.વ.શ્રી બી.જે.માકડીયા દ્રારા જયારે સામાવાળા પક્ષે વિ. એ.જી.પી. શ્રી કે.એમ.પારેખ ઘ્વારા મૌખિક દલીલ થયેલ જે ઘ્યાને લીઘેલ છે.

(૯) અરજીઓના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબનાં મુદ્દાઓ દરેક કેસમાં ફ્રેમ કરેલ છે.

**<u>:: મુદ્દા ::</u>**

1. Whether the applicants prove that they have filed their objections before collector { Acquisition officer } ?
2. Whether the compensation awarded by the land acquisition officer is not fair and adequate ? If Yes, what additional compensation claimants are entitled to ?

3. Whether the opponent proves that this claim is barred by the period of limitation ?

4. What Order ?

(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વે આ અદાલતના ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં. આખરી હુકમ મુજબ.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

**-- <u>કા ર ણો</u> --**

**<u>મુદ્દા નંબર ૩ ::-</u>**

(૧૧) આ કામે સૌ પ્રથમ અન્ય મુદાઓ નીર્ણીત કરતા પહેલા અરજદારોની અરજીઓ મુદ્દતમાં કરવામાં આવેલ છે કે, કેમ તે નીર્ણય થવો જરૂરી હોય મુદા નં.૩ ની ચર્ચા પ્રથમ કરવામાં આવેલ છે. આ અનુસંધાને જમીન સંપાદન અધિનિયમની કલમ- ૧૮(૨) ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**Section :18. Reference to Court.**

(1).........

(2) The application shall state the grounds on which objection to the award is taken:

Provided that every such application shall made,

(a) If the person making it was present or represented before the

Collector at the time when he made his award, within six weeks from the date of the Collector's award;

(b) In other cases, within six weeks of the receipt of the notice from the Collector under Section 12, sub-section (2); or within six months from the date of the Collector's award, whichever period shall first expire.

આ કામેના રેફરન્સના અરજદારોને કલમ-૧૨(૨) ની નોટીસ બજાવવામાં આવેલ હોય તેવુ કોઈ રેકર્ડ સામાવાળા પક્ષેથી રજુ થયેલ નથી. આ કામે સામાવાળા તરફે વાંધા જવાબમાં અરજદારોના રેફરન્સ સમયમર્યાદા બહાર હોવાની તકરાર લેવામાં આવેલ છે,પરંતુ તે સંદર્ભમાં કોઈ પુરાવો આપવામાં આવેલ નથી. કોઈ તારીખમાં નોટીસ બજાવેલ હોય તેવુ કોઈ રેકર્ડ રજુ કરેલ નથી.આ કામે સામાવાળા પક્ષે કોઈ પુરાવો આપેલ નથી. આમ હાલના રેફરન્સ કેસો સામાવાળા નં.ર સમક્ષ અરજદારોને એવોર્ડના કન્ટેન્સનની જાણ થયાના નીયત સમયમર્યાદામાં રજુ કરી દેવામાં આવેલ હોય તેવુ માનવાનું રહે છે અને સામાવાળાએ હાલના લેન્ડ રેફરન્સ કેસો સમયમાર્યદા બહાર દાખલ થયેલાનું પુરવાર કરેલ ન હોય મુદા નં.૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૧,૨ ::-</u>**

(૧૨) આ કામે અરજદારોના વિ.વ.શ્રીએ તેઓની મૌખીક દલીલમાં તેઓ તરફે રજુ કરવામાં આવેલ અરજદારોને ઓછુ વળતર આપવામાં આવેલ હોય સારુ પાક ઉત્પાદન તેઓ જમીનોમાં મેળવતા હતા જેથી તેઓએ કરેલ માગણી મુજબના એક આરેના ભાવ હોવાનું પુરવાર થાય છે અને અરજદારોની માગણી મુજબ રકમ નકકી કરવા તેમજ ભાવ

વધારો તથા સોલેશીયમ તથા વ્યાજ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૧૩) આ કામે સામાવાળા તરફે વિ. એ.જી.પી.શ્રી ધ્વારા રજુઆત થયેલ છે કે, સરકારશ્રી તરફથી યોગ્ય વળતર નકકી થયેલ છે જેથી અરજીઓ રદ કરવા અરજ છે.

(૧૪) આ કામે રેકર્ડ ઉપર આવેલ બન્ને પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો અરજદારોએ જમીન સંપાદન અધિકારીશ્રી સમક્ષ વાંધા આપેલ નથી તેવી તકરાર અન્વયેનો કોઈ પુરાવો સામાવાળાએ રજુ થયેલ નથી. અરજદારોએ મૌખીક વાંધા લીધેલ હોવાનું અરજદારે આંક–૧૬ થી આપેલ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે અને આ હકીકતથી વિરૂધ્ધનો પુરાવો આવેલ નથી ત્યારે આ હકીકતને ન માનવાને કોઈ કારણ નથી. જેથી અરજદારોએ સામાવાળા સમક્ષ તેઓના વાંધા રજુ કરેલાનું પુરવાર થાય છે.

આ કામે એ હકીકત નિર્ણીત કરવાની રહે છે કે, જમીન સંપાદિત અધિકારીએ એવોર્ડની તારીખે જમીનના ભાવ યોગ્ય અને વ્યાજબી રીતે નિર્ણીત કરેલ છે કે કેમ ? અને અરજદારો વિશેષ કોઈ વળતરની રકમ મેળવવા હકકદાર છે કે કેમ? આ સંદર્ભમાં અરજદારોએ કે સામાવાળાઓએ એવોર્ડ આ કામે રજુ કરેલા નથી જેથી એવોર્ડો વંચાણે લઈ શકાયેલ નથી. આ કામે અરજદાર પક્ષે જે પુરાવો આપવામાં આવેલ છે તેના આધારે નીર્ણય કરવાનો રહે છે. અરજદારો તરફથી હાલની રેફરન્સ અરજીઓ જમીન સંપાદન કાયદાની કલમ ૧૮ મુજબ તેઓની કાયમી ધોરણે સંપાદિત થયેલ જમીનોની બજાર કિંમત નકકી કરી વધુ વળતર અપાવવા માટે કરવામાં આવેલ છે, તે સંજોગોમાં કોર્ટે સદરહુ જમીનોની બજાર કિંમત નકકી કરતી વખતે મુખ્યત્વે જે તે સમય

ગાળાના સરખામણી પાત્ર તે ગામની જમીનના વેચાણ દસ્તાવેજો જો ઉપલબ્ધ હોય તો તેના ઉપર આધાર રાખવાનો હોય છે અગર તો સદરહુ જમીનની ઉત્પાદકતા ધ્યાને રાખીને કિંમત નકકી કરવાની હોય છે. વધુમાં કોર્ટ સરખા પ્રકારની તે જ ગામની અથવા તો નજીકના સમાંતર વિસ્તારની જમીન અંગે અન્ય જમીન સંપાદન કેસમાં જે વળતર ચુકવવામાં આવેલ હોય તેવા રેફરન્સ કોર્ટના ચુકાદાઓને કે લેન્ડ એકવીઝેસન કેસમાં જમીન સંપાદિત અધિકારી ધ્વારા આપવામાં આવેલ ફાઈનલ એવોર્ડને લક્ષમા રાખીને કિંમતની આકારણી નકકી કરી શકાય છે. આમ, કાયમી ધોરણે સંપાદિત થયેલ જમીનની કિંમત નકકી કરવા અંગેના ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઈ આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓ તથા ઉભયપક્ષની દલીલ તથા જમીન સંપાદન કાયદાની વિવિધ જોગવાઈ અનુસંધાને મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે તમામ રેફરન્સ કેસોના અરજદારો વતી અરજદાર દક્ષુબા નવલસંગ દ્રારા આંક–૧૬ થી સોગંદ ઉપર જુબાની આપવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાની અરજી મુજબ વિગતવારની જુબાની આપેલ છે. આ ઉપરાંત જણાવેલ છે કે, તેઓની જમીનો એક સરખા પ્રકારની, ઉંચી ગુણવતાવાળી, ફળદ્રુપતાવાળી, સમતળ જમીનો છે. જમીન સંપાદન કરવાની કામગીરી શરૂ થયા બાદ કલમ–૯ ની નોટીસો અરજદારોને આપવામાં આવેલી, જેની સામે અરજદારોએ મૌખીક વાંધાઓ રજુ કરેલા છે, તેમાં અરજદારોએ મૌખી માંગણી એક વિધાના રૂ.૨૫૦૦૦/– ની માંગણી કરેલી. જમીન સંપાદન અધિકારીએ એવોર્ડ જાહેર કરી જમીનનું વળતર બાગાયત જમીનના એક આરેના રૂ.૧૨૦/– પ્રમાણે તથા જીરાયત જમીનના એક આરેના રૂ.૭૦/– પ્રમાણે વળતર નકકી કરેલ અને એર્વોડની જાણ થત સમયમર્યાદામાં રેફરન્સ કરેલ છે. અરજદારોની જમીનમાં પાકા કુવા અને પિયત માટેની પાઈપ ાલઈન નાખેલ હતી અને પાઈપલાઈન મારફતે બધી જ જમીનો પિયત કરતાં હતા, સંપાદિત જમીનો ઉંચી ફળદ્રુપતાવાળી સારા

કસવાળી હતી, સંપાદિત જમીનોમાં અરજદારો ત્રણ સિઝન પાકો લેતા હતા. અરજદારોનો મુખ્ય પાક માંડવી(મગફળી) અને કપાસ છે અને તેની સાથે બીજા પાકો તલ,રાઈડો, ધાણા, જીરૂ, ધંઉ, લસણ,ડુંગળી વિગેરે પાકો લેતા હતા. ચોમાસામાં અને ઉનાળામાં મગફળીનું વાવેતર કરતા, ચોમાસામાંમાંડવી એક વિઘામાંથી ૫૦ થી ૬૦ મણ થાય તેના ભાવ તે સમયે એક મણનો ભાવ રૂ.૨૫૦/– થી ૩૦૦/– હતો તેમજ શિયાળામાં જીરૂનો પાક લેતા હતા. જીરૂ એક વિઘામાંથી ૧૫ થી ૨૦ મણ થાય તે વખતે એક મણ જીરૂનો ભાવ રૂ.૭૦૦/– થી રૂ.૮૦૦/– નો હતો, જો કપાસ વાવીએ તો વિઘામાં ૬૦ મણ કપાસ થાય, ત્યારે એક મણ કપાસનો ભાવ રૂ.૨૦૦/– થી ૨૫૦/– હતો અને વચ્ચેની જગ્યામાં શાકભાજી અથવા કઠોળ વાવી શકાય અને કઠોળ એક વિઘામાં ૪૦ મણ થાય જેનો મણ દિઠ ભાવ રૂ.૧૦૦/– હતો, જો ઘઉં વાવીએ તો એક વિઘાએ ૭૦ થી ૮૦ મણનો ઉપારો આવે અને જે તે વખતે તેનો ભાવ એક મણના રૂ.૧૦૦/– હતો તેમજ આ ઘઉંનો ઘાસચારો એક વિઘામાં રૂ.૧૫૦૦/– થી ૨૦૦૦/– નો થાય અને જો શિયાળુ પાકમાં લસણ વાવીએ તો ૧૫૦ મણ એક વિઘાએ ઉત્પાદન થાય તેના એક મણના રૂ.૨૫૦/– નો ભાવ હતો અને એરંડા વાવીએ તો એક વિઘામાં ૭૦ મણ એરંડા થાય અને એક મણનો તે સમયે રૂ.૧૫૦/– ભાવ હતો અને ખાતરનું પાકના રો–મટીરીયલના રૂ.૫૦૦૦/– નું ઉત્પાદન થાય. આમ મુખ્યત્વે પાકનું ઉત્પાદન જોતા એક વર્ષમાં મગફળી, જીરૂ, લસણ અથવા કપાસ, કઠોળ, ઘઉં અથવા મગફળી, એરંડા, ઘઉં વિગેરે રીતે ત્રણ પાકનું ઉત્પાદન લઈ એક વિઘામાંથી ત્રણે સિઝનમાં થઈ રૂ.૩૦,૦૦૦/– થી રૂ.૪૦,૦૦૦/– નું ઉત્પાદન લેતા હતા. તેમાંથી ખેતી ખર્ચ ૩૩ ટકા ભાગનો થાય તે મુજબ ગણતા એક વિઘામાંથી આશરે રૂ.૨૦૦૦૦/– નું ચોખ્ખું ઉત્પાદન લેતા હતા, અરજદારો વધારે ઉત્પાદન લેવા સુધારેલા બિયારણ, રાસાયણીક ખાતરો, જંતુનાશક દવાઓ વિગેરેનો ઉપયોગ કરતાં

અને ખેતીવાડી ખાતાના અધિકારીશ્રીની સલાહ પણ લેતા, અરજદારો જાતે ખેતી કરતાં હોવાથી ખેતી ખર્ચ પણ ઓછો આવેલો,અરજદારો જે પાક પાકે તે ઉપલેટા,ધોરાજી, જુનાગઢ અને ગોંડલ ના વેપારીઓને આપતા જે બજાર ભાવ આપી ઉત્પાદન થયેલ માલ લઈ જતાં, તેમજ કેટલાક ખેડુતો જુનાગઢ અને ગોંડલ માર્કેટ યાર્ડમાં પણ વેંચતા જતાં, અરજદારોને પાક વેંચાણના પાકા બિલો ખાનગી વેપારીનો આપતા ન હતા, માર્કેટ યાર્ડમાં વેંચાણ કરેલ હોય તેના બિલો અરજદારો પાસે હાલ નથી કારણ કે આખું ગામ ડુબમાં ગયેલ હોવાથી બીજા ઘર બનાવતા ઘર વખરી ફેરવતા મળી આવેલ નથી, અરજદારોએ ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતીમાંથી સને ૧૯૮૪–૮૫ ની સાલના વિવિધ પાકોના ભાવ માટે અરજી આપેલ તેમાંથી મળેલ ભાવપત્રક ખેતી ઉત્પાદન સમિતિના સેક્રેટરીએ આપેલ છે. અરજદાર સહીત બધા સંપાદિત થયેલ જમીનોના ખાતેદારોની જમીનોમાં કુવાઓ હતા, જે કુવાઓના બાંધકામમાં જે તે વખતે રૂ.એક લાખ જેવું ખર્ચ દરેકને થયેલ,તે મુજબ માંગવા હકકદાર છે. અરજદારોએ પોતાની જમીનોનું ધોવાણ ન થાય તે માટે બંધપાળા કરેલ હતા તથા જમીનમાં કુવાના ભાગેથી અન્ય ભાગે પાણી લઈ જવા માટે પાઈપ લાઈનો પણ નાખેલ હતી જેના બંધપાળાના એકર દીઠ રૂ.૫૦૦૦/– નો ખર્ચ થયેલ છે અને પાઈપલાઈનનો એકર દીઠ ખર્ચ રૂ.૧૦,૦૦૦/– નો થયેલ છે. અરજદારોનું ગામની સંપાદીત જમીનો ઉપલેટા જામજોધપુર સ્ટેટ હાઈ–વે થી ૩ કી.મી. ના અંતરે આવેલ છે અને તમામ સુવિધાઓ આવેલ હતી અને વિકસીત ગામ છે. મોટાભાગના લોકો ખેડુતો હોવાથી જમીનોનું વેંચાણ થતું નથી અને જે વેંચાણ હોય તે સ્ ટેમ્પ ડયુટી બતાવવાના હેતુથી ખરેખર જે બજાર કિંમત હોય તેના કરતાં ઓછી બજાર કિંમતના દસ્તાવેજ થાય છે. હાલમાં જમીનના ભાવ એક વીઘાના રૂ.દશ લાખ છે. અરજદારોને માંગ્યા મુજબની વળતર એક આરેના રૂ.૧૫૬૨.૫૦/– મળવુ જોઈએ. અરજદારની વિ.એ.જી.પી.શ્રીએ ઉલટ તપાસ કરેલ છે જેમાં અરજદારે ઉલટ તપાસમાં

જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે મારી સરતપાસના કાયદાના મુદાઓ, અન્ય ચુકાદાઓનું જે વિવરણ છે તે મારા વકીલશ્રીએ લખાવેલ છે તે અંગે હું કશુ જાણતી નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ખેતરમાં પીયતની સગવડ, કુવો, બોર, વિશેષ ઝાડ–પાન હોય તો તેની વિગત રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં કરવામાં આવે છે.એ વાત ખરી છે કે સંપાદન સમયના ૭/૧૨ ના રેકર્ડ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ઉપલ ેટા,ધોરાજી અને જામકંડોરણા આ ત્રણ માર્કેટીંગ યાર્ડ અમારા ગામથી વીસ કીલોમીટરના અંતરે આવેલા છે, જયારે જુનાગઢ અને ગોંડલ માર્કેટીંગ યાર્ડ અમારા ગામથી પચાસ કીલોમીટર જેટલા અંતરે આવેલા છે. એ વાત ખરી છે કે ખેતીમાં ખાતર,બીયારણ,મજુરી આ બધાનું ખર્ચ અને સમય પરના વેંચાણના ભાવ મેળવ્યા બાદ જ આવક નકકી થઈ શકે,હાલના કીસ્સામાં આવી કોઈ આવક દર્શાવતા કોઈ બીલ અમોએ મેળવેલા નથી. એ વાત ખરી નથી કે આંક–૧૭ અને ૧૮ ના દસ્તાવેજો બનાવટી ઉભા કરેલા છે. એ વાત ખરી છે કે અન્ય ખાતેદારોના ખેતરની તમામ માહીતી મારી પાસે ન હોય.એ વાત ખરી નથી કે ઉંચુ વળતર મેળવવા ખોટી સરતપાસ તૈયાર કરેલી છે.'' આમ, અરજદારની થયેલ જુબાનીમાં આંક–૧૬ના અરજદારે તેઓની સરતપાસમાં તેઓએ ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિમાંથી પાક પેદાશના ભાવપત્રક મેળવેલ હોવાનું જણાવી, રજુ કરેલ છે. આ કામે અરજદારોની વળતર નકકી કરવા માટેની માંગણી ખેત ઉત્પાદન ના આધારેની છે ત્યારે આ સંદર્ભમાં અરજદારો પક્ષે આવેલ ઉપરોકત પુરાવાને આધારે નિયત કરવાનું રહે છે કે, અરજદારોની સંપાદિત થયેલી જમીનોનું વળતર અરજદારોની જમીનમાં થતા પાક ઉત્પાદનને આધારે નિયત કરી શકાય છે કે કેમ ? અને પાક ઉત્પાદન સંદર્ભમાં અરજદાર પક્ષેથી સચોટ અને વિશ્વસનીય પુરાવો રજુ થયેલ છે કે કેમ ? આ સંદર્ભમાં વિસ્તૃત છણાવટ કરવામાં આવે તો કોઈ પણ ખેતીની જમીન અન્વયે રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૭ અને ૧૨ નિભાવવામાં આવે છે.આ ગામ નમુના નં. ૭ અને ૧૨ એટલે કે

પાણી– પત્રકમાં દર વર્ષે તલાટી કમ મંત્રી દવારા જે તે જમીનમાં વર્ષ દરમ્યાન જે પાકનું વાવેતર કરવામાં આવતુ હોય છે તેની નોંધ સ્થળ નિરિક્ષણ આધારીત કરવામાં આવે છે અથવા તો ખાતેદાર ખેડુત દવારા આ અંગેની નોંધ કરાવવામાં આવે છે. આ કામના અરજદારોએ તેઓ સંપાદિત થયેલ ખેતીની જમીનમાં વર્ષ દરમ્યાન પાકો લેતા હતા તેવું મૌખિક પુરાવામાં જણાવેલ છે, પરંતુ તેને સમર્થન પ્રાપ્ત થાય તે અન્વયે તેઓની જમીનનાં રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૭ અને ૧૨ તેઓએ રજુ કરેલ નથી ત્યારે આ રેવન્યુ રેકર્ડના પુરાવા સિવાય અરજદારો તેઓની જમીનમાં વર્ષ દરમ્યાન મૌખીક પુરાવામાં જણાવ્યા મુજબના પાક લેતા હતા કે કેમ ? તે શંકાસ્પદ બની રહે છે. આમ, અરજદાર પક્ષેથી તેઓની સંપાદિત થયેલ જમીનમાં વર્ષ દરમ્યાન જે પાક લેવામાં આવતા હોવાની રજુઆત કરેલ છે તે યોગ્ય ન હોવાનું અને પુરવાર ન થતી હોવાનું જણાય છે.  આ ઉપરાંત અરજદારોએ તેઓની જુબાનીમાં વિવિધ પાકમાંથી તેઓ ઉપજ મેળવતા હોવાનું જણાવેલ છે અને આ પાક ઉત્પાદન તેઓ ઉપલેટા,ધોરાજી,જુનાગઢ, ગોંડલ માર્કેટ યાર્ડ તથા વેપારીઓને વેચાણ કરી ઉપજ મેળવતા હતા તેવુ જણાવેલ છે. આ સંદર્ભમાં અત્રે એ બાબત નોંધનીય છે કે કોઈ પણ વસ્તુનુ ઓપન માર્કેટમાં અથવા માર્કેટિંગ યાર્ડમાં જયારે વેચાણ થતુ હોય ત્યારે તે સંદર્ભમાં તેનું બીલ કે એકનોલેજમેન્ટ જે તે વેચાણ કરનાર વ્યકિતના નામે અવશ્ય મળી શકે, આ કામના અરજદારોએ પોતાનું પાક ઉત્પાદન તેઓની જુબાનીમાં જણાવ્યા મુજબની રકમે વેચાણ કરેલ હોય તેવુ એક પણ બીલ કે એકનોલેજમેન્ટ પુરાવા સ્વરૂપે રજુ કરેલ નથી. અરજદારોએ તેઓનું ગામ ડુબમાં ગયેલ હોવાથી બીજા ઘર બનાવતા ઘરવખરી ફેરવતા બીલ મળી આવેલ નથી તેવું જણાવેલ છે,પરંતુ આ મૌખીક પુરાવાને કોઈ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળેલ નથી. આ કામના અરજદારે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓ પાક ઉત્પાદન મેળવતા હોવાનું અને વેંચાણ કરતા હોવાનુ  જણાવેલ છે પરંતુ તે સંદર્ભમાં કોઈ પાક ઉત્પાદન

વેચાણના બીલ તેઓએ રજુ કરેલ નથી કે આવુ કોઈ પાક ઉત્પાદન ખરીદ કરનાર વેપારી કે માર્કેટિંગ યાર્ડના જવાબદાર કર્મચારીને તપાસીને તેઓએ પાક ઉત્પાદનનું વેચાણ કરેલ હોય અને તેઓએ દર્શાવ્યા મુજબનો નફો મેળવ્યો હોય તેવુ પુરવાર કરેલ નથી ત્યારે અરજદારોએ આ આધારે વળતરની માંગણી કરેલ છે તે સ્વીકારવા યોગ્ય નથી અને આ આધારે અરજદારોની સંપાદીત જમીનોની કિંમત જમીન સંપાદન અધિકારીશ્રીએ નકકી કરેલ છે તે રકમ કરતા વિશેષ હોવાનું પુરવાર થતુ નથી.

(૧૫) આ કામના અરજદારોએ આ સીવાય કોઈ રીતે તેઓની જમીનની વળતરની કીંમત જમીન સંપાદન અધિકારીશ્રીએ નકકી કર્યા મુજબની કીંમત કરતા વીશેષ હોય તે સંદર્ભનો કોઈ પુરાવો આપેલ નથી. અરજદારોએ તેઓની ગામની અન્ય વેંચાણ થયેલ જમીનોના સરખામણી પાત્ર વેંચાણ દસ્તાવેજો પણ જે તે સંપાદન વર્ષના સમયગાળાની આસપાસના રજુ કરેલ નથી ત્યારે તે રીતે પણ જમીનોની કિંમત જમીન સંપાદન અધિકારીશ્રીએ નકકી કરેલ કિંમત કરતા વીશેષ હોવાનું પુરવાર થતુ નથી. આ સીવાય જમીન સંપાદન અધિકારીશ્રીએ કુવા તથા ઈમલાની વળતરની ગણેલ રકમથી વીશેષ વળતર અરજદારો મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવા માટેનો પણ કોઈ પુરાવો અરજદારોએ રજુ કરેલ નથી. આમ તમામ સંજોગોમાં, અરજદારો મુદા નં.૧ પુરવાર કરવામાં સફળ રહેલ હોય,પરંતુ જમીન સંપાદન અધિકારીશ્રીએ આપેલ વળતર ઓછુ હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય, મુદા નં.૨ પુરવાર થયેલ ન હોય, તે મુજબ મુદાનં.૧ નો જવાબ હકારમાં તથા મુદા નં.૨ નો જવાબ નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧. અરજદારોની હાલની રેફરન્સ અરજીઓ આથી નામંજુર કરવામાં આવે છે.

૨. જમીન સંપાદન અધિકારીશ્રીએ અરજદારોની જમીનોની તથા કુવા,ઈમલાની નકકી કરેલ વળતરની રકમથી વીશેષ કોઈ રકમ અરજદારો મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરતા ન હોય વીશેષ વળતરની અરજ નામંજુર કરવામાં આવે છે.

૩. અરજીના સંજોગો જોતા બંને પક્ષોએ જાતે ખર્ચ ભોગવવો.

૪. હુકમ મુજબ એવોર્ડ દોરવા.

આ હુકમ આજરોજ તારીખ : ૨૨, માહે : ફ્રેબુઆરી, સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(મીતલકુમાર રસીકભાઈ નાદપરા)
એડી. સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે–૦૦૮૪૦– ધો રા જી.

ધોરાજી
તા.૨૨/૨/૨૦૧૮